આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- શીતલ વૈશ્નવ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:-૨૬-૧૦-૨૦૨૪ સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

## CM-જમીન ધારકોને પ્રીમીયમમાં રાહત

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યનાં ૮ શહેરો તથા ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારોમાં સમાવિષ્ટ નોન ટી.પી. વિસ્તારના જમીનધારકોને હાલ ભરવા પડતા પ્રિમિયમમાં રાહત આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીના આ નિર્ણયને પરિણામે રાજ્યના ડી-૧ અને ડી-૨ કેટેગરીના ૮ શહેરોના જમીન ધારકોને કપાતમાં જતી જમીન ઉપર જે પ્રિમિયમ ભરવું પડતું હતું તેમાથી મુક્તિ મળશે. આ નિર્ણયના કારણે બાંધકામ ક્ષેત્રે પ્રોપર્ટીની કિમતોમાં ઘટાડો થશે અને તેનો સીધો લાભ મધ્યમ વર્ગના પરિવારોને મળશે.

**(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ)**

-----------------------------------------------------------------------------

## PM-મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની આ 115મી કડી છે.

આવતીકાલે સવારે 11 વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

**(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ)**

---

## PUC માટે એપ્લીકેશન

સરકારે આરટીઓને લગતી મોટાભાગની કામગીરી ઓનલાઈન કરી દીધી છે ત્યારે હવે પીયુસીની કામગીરી પર પણ નિયંત્રણ આવી ગયું છે. પીયુસી સોફ્ટવેર વર્ઝન 2.0 મોબાઈલ એપ્લિકેશન સાથે અપડેટ કરાયું છે. જેથી સેન્ટર ધારકોને નંબર પ્લેટના ફોટાની સાથે વાહનનો પીયુસી સેન્ટર સાથેનો તથા વાહનનો ચારથી પાંચ સેકન્ડનો શોર્ટ વિડીયો બનાવી પીયુસી 2.0 મોબાઇલ એપ્લિકેશનમાં અપલોડ કરવાનો રહેશે તેમજ સેન્ટરના 30 થી 40 મીટરની ત્રિજ્યામાં જ વિડિઓ ઉતારવાનો રહેશે બાદમાં પ્રમાણપત્ર નીકળશે.

નવા સોફ્ટવેરમા વાહનનો વિડિઓ પણ અપલોડ કરવાનો હોવાથી ગેરરીતિ થઈ શકશે નહીં.

**(NP/ શીતલ વૈશ્નવ)**

---

## રાપરમાં ખનીજ ચોરી

જીલ્લાના વાગડ વિસ્તારમાં વધુ એક વખત ખનીજ ચોરીની ઘટના બહાર આવી છે. રાપર ઉત્તર રેન્જના બેલા બીટ વિસ્તારમાં આવેલા રણ અભયારણ્યમાં ભારેખમ સાધન સામગ્રી સાથે થતી ખનીજ ચોરી ઉપર પૂર્વ કચ્છ વન વિભાગ તંત્રએ દરોડો પાડી ચાર ઈસમો ને ઝડપી પાડ્યા હતા. ખનીજ ચોરી માટે ઉપયોગ માં લેવાતા 2 ડમ્પર, 1 જેસીબી મશીન અને 1 લોડરને કબ્જે લેવામાં

RNU BHUJ

આવ્યું હતું. કુલ મળીને રૂ. 40 થી 45 લાખની કિંમતના મુદ્દામાલને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી માટે બેલા પોલીસ મથકના હવાલે કરવામાં આવ્યો હતો.

**(NP/શીતલ વૈશ્નવ)**

--------------------------------------------------------------------------------

# સહકારી મંડળીઓને સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુક્તિ

ગુજરાત સરકારના મહેસુલ વિભાગ દ્વારા રજીસ્ટ્રેશન થયેલી ક્રેડીટ સહકારી મંડળીઓના સભાસદોને  રૂપિયા 50 હજાર સુધીની નાની રકમના ધિરાણને ગુજરાત સ્ટેમ્પ એક્ટ -1958ની કલમ-9 થી લાગુ પડતી સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુક્તિ આપવાની જાહેરાત કરવામાં આવી છે. સહકારી મંડળીઓનો વિકાસ થાય અને તેનો લાભ સહકારી મંડળીઓના સભાસદો તથા સામાન્ય લોકોને થાય  તે હેતુથી આ સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુક્તિ આપવામાં આવી છે તેવુ  જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી, ભુજની એક યાદીમાં જણાવાયુ છે.

**(NP/શીતલ વૈશ્નવ)**

--------------------------------------------------------------------------------

# ખોભંડી ખાતે પોષણમાસ પુર્ણાહુતિ

નખત્રાણા તાલુકાના ખોંભડી ખાતે બાળ અને મહિલા વિકાસ વિભાગ દ્વારા રાષ્ટ્રીય પોષણ માસ અંર્તગત તારીખ 1 લી સપ્ટેમ્બર થી 30 સપ્ટેમ્બર સુધી ચાલેલા પોષણ અભિયાનના પુર્ણાહુતિ કાર્યક્રમમાં સલગ્ન તજજ્ઞો દ્વારા વિવિધલક્ષી યોજનાકીય માર્ગદર્શન પુરૂ પડાયુ હતું. આ કાર્યક્રમમાં પોષક-પુરક આહારનું પ્રદર્શન તથા પોષણ રેલી યોજવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાલ વાટિકાના શિશુગણ, સગર્ભા માતાઓ, લાભાર્થી બહેનો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

**(NP/શીતલ વૈશ્નવ)**

--------------------------------------------------------------------------------

RNU BHUJ

## ક્રિકેટ-ટેસ્ટશ્રેણીમાં ભારતની હાર

ભારતીય ટીમ ન્યૂઝીલેન્ડ સામેની ટેસ્ટ શ્રેણી હારી ગઈ છે. પુણેમાં રમાયેલી બીજી ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાને કિવી ટીમે 113 રને પરાજય આપ્યો હતો. આ જીત સાથે કિવીઝે 3 મેચની સિરીઝમાં 2-0ની અજેય સરસાઈ મેળવી લીધી છે. છેલ્લી મેચ 1 નવેમ્બરથી મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાશે. ભારતીય ટીમ 12 વર્ષ બાદ હોમ ગ્રાઉન્ડ પર ટેસ્ટ સિરીઝ હારી છે.

**(NP/શીતલ વૈશ્નવ)**

---

## હવામાન

હાલ દિવાળીના તહેવારોને ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે, ત્યારે કચ્છમાં વિષમ વાતાવરણની અનુભુતિ થઈ રહી છે. કચ્છના વિવિધ મથકો પર છેલ્લા થોડા દિવસોથી વહેલી પરોઢે ઝાકળ વર્ષા થઈ રહી છે અને દિવસ ચડતાની સાથે જ બફારાયુક્ત ગરમી અને તાપ વધે છે. આ ઉપરાંત વરસાદની પણ આગાહી કરવામાં આવી છે. ત્યારે તહેવારો પુર્વે વાયરલ બિમારીઓથી કચ્છના સરકારી અને ખાનગી દવાખાનાઓમાં દર્દીઓની ભીડ જોવા મળી રહી છે. લોકોને આરોગ્યની સંભાળ રાખવા આરોગ્ય વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

**(NP/શીતલ વૈશ્નવ)**

---

RNOBHUJ